# જિલ્લામાં કોરોના બેફામ : ૩૦૦થી વધુ કેસ

**ગાંધીનગરમાં ૪૩, કલોલમાં ૪૩, માણસામાં ૪૬ અને દહેગામમાં ૨૯ કેસ નોંધાયા : શહેરમાં સે. ૩ માં ૧૦, સે. ૨૯-૩૦ માં ૯-૯, સે. ૨૬ માં ૭ તો સે. ૪, ૬, ૧૪ માં ૬-૬ કેસ : સરગાસણમાં ૧૪ કેસ, વાવોલમાં ૧૨ કેસ, કુડાસણમાં ૧૦, પેથાપુરમાં ૬ કેસ : જીઈબી અને રાંદેસણમાં ૫-૫ કેસ નોંધાયા**

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લામાં કોરોનાનો કહેર યથાવત રહ્યો છે. આજે સતત ચોથા દિવસે પણ ૩૦૦ થી વધુ કેસ નોંધાયા છે. જિલ્લાતંત્ર ૩૧૯ કેસ નોંધાયાનું કહે છે તો રાજ્ય સરકાર ૩૩૧ કેસ નોંધાયાનું જણાવે છે. પાટનગર જિલ્લાના આંકડાઓમાં જ વિસંગતતા એ લોકજીભે ચર્ચાનો મુદ્દો બની છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં જિલ્લાતંત્રના કહેવા મુજબ ૧૬૧ કેસ નોંધાયા છે જ્યારે રાજ્ય સરકારે ૧૬૨ કેસ નોંધાયાનું જણાવ્યુ છે. ગાંધીનગર શહેરમાં તંત્રએ ૧૫૮ કેસ નોંધાયાનું કહ્યુ છે તો સરકારે ૧૬૯ કેસ નોંધાયાનું જણાવ્યુ છે.

જિલ્લામાં કોરોનાની સારવાર દરમ્યાન ૪ વ્યક્તીના મોત થયાનું સરકારે કહ્યુ છે જેમાં બે દર્દી ગ્રામ્ય વિસ્તારના અને ૨ દર્દી શહેર વિસ્તારના છે. જિલ્લામાં કોરોનાની મહામારીને પગલે આરોગ્ય સેવાઓ કથળી ચુકી છે. ગ્રામ્ય વિસ્તારમાં મૃત્યુઆંક વધી રહ્યો છે પણ જિલ્લાનું તંત્ર આ અંગે સંપૂર્ણ ચૂપકીદી સેવી રહ્યુ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાંથી ૨૧ દર્દીઓને સઘન સારવાર જરૂરી જણાતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા ૧૬૧ કેસોમાં દહેગામમાં ૨૯, ગાંધીનગર-કલોલમાં ૪૩-૪૩ તેમજ માણસામાં ૪૬ કેસનો સમાવેશ થાય છે.

જિલ્લાના કલોલ તાલુકાના જાસપુર ગામેથી આજે પાંચ વર્ષનું બાળક પણ સંક્રમિત થયેલુ મળી આવેલ છે. જિલ્લામાં બાળ દર્દીઓની સંખ્યા વધતાં તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે. જિલ્લામાં વીસથી ઓછી આયુ ધરાવતા દર્દીઓની સંખ્યા વધી રહી છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા દર્દીઓમાં ૫૯ મહિલા દર્દી, ૧૬ કર્મયોગી, ૧૦ વિદ્યાર્થી, ૧૯ ખેડૂત, ૧ પૂજારી તેમજ ૬ નિવૃત્ત કર્મયોગીઓ ઉપરાંત ખાનગી નોકરીયાતો તેમજ નાના-વેપારીઓ, મજૂરી કામ કરતા દર્દીઓનો પણ સમાવેશ થાય છે.

જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં સંક્રમણ વધી રહ્યુ હોવાથી તંત્રની દોડધામ પણ વધી જવા પામી છે. સંક્રમણ વધવાને પગલે ઓક્સિજનની ડિમાન્ડ, દવાઓની માંગમાં પણ વધારો થવા પામ્યો છે.

દહેગામ તાલુકામાં આજે ૨૯ કેસ નોંધાયા છે. જેમાં દહેગામ અર્બનમાં ૩, ડેમલિયામાં ૩, ડુમેચા ગામે ૪, બાબરા, ધારીસણા, વડવાસા ગામે ૨-૨ કેસ ઉપરાંત હિલોલ, કરોલી, જૂના થાબલિયા, કડજોદરા, નાગજીના મુવાડા, પાલુન્દ્રા, નાના જલુન્દ્રા, ઉદણ, ખાનપુર, સાંપા, ચેખલાપગી, હાલીસા, સાણોદામાંથી પણ દર્દી મળી આવ્યા છે.

ગાંધીનગર તાલુકો કોરોના માટે વધુ ને વધુ સંવેદનશીલ બની ઉભરી રહ્યો હોવાથી તંત્રની ચિંતા વધી જવા પામી છે. તાલુકામાં નવા-નવા ગામોમાંથી કેસો મળી રહ્યા હોવાથી તંત્રની દોડધામ પણ વધી છે.

તાલુકાના મોટી આદરજ, સરઢવ, છાલા, લવારપુર, મોટા ચિલોડા, ઉવારસદ ગામેથી ૩-૩ કેસ, પ્રાંતિયા ગામેથી ૪ કેસ તેમજ ડભોડા, કરશનપુરા, શાહપુર અને ઉનાવા ગામેથી ૨-૨ કેસ મળી આવ્યા છે. આ ઉપરાંત જાખોરા, સાદરા, જલુંદ, ગિયોડ, મહુન્દ્રા, રતનપુર, વાસણ, અડાલજ, પીપળજ, તારાપુર, ગોળવંટા, વલાદ ગામેથી પણ કેસો મળી આવ્યા છે.

ગાંધીનગર તાલુકામાં કોરોનાનું સંક્રમણ વધતાં તંત્રએ સોશ્યલ ડિસ્ટન્સીંગ, માસ્ક ફરજીયાત તેમજ હોમ ક્વોરોન્ટાઈનના નિયમોની અમલવારી માટે કડક સૂચનાઓ આપી છે.

જિલ્લાના કલોલ તાલુકામાં પણ આજે ૪૩ કેસ નોંધાયા છે. કલોલ તાલુકાનો જે રીતે કોરનાએ ભરડો લીધો છે તેનાથી તંત્રની ચિંતા વધી છે. કલોલ અર્બન વિસ્તારમાંથી આજે વધુ ૭ કેસ મળી આવ્યા છે.

તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં બોરીસણામાંથી ૬, જાસપુર અને સઈજમાંથી ૫-૫ કેસ, છત્રાલમાંથી ૪ કેસ, ધાનજ, જેઠલજ, ખાત્રજ, ધમાસણા, ઓલામાંથી ૨-૨ કેસ ઉપરાંત પલસાણા, મોટી ભોંયણ, પીયજ, અલુવા, જામળા ગામેથી પણ કેસ મળી આવ્યા છે.

માણસા તાલુકામાં આજે ૪૬ કેસ નોંધાયા છે. માણસા અર્બનમાંથી આજે ૪ કેસ મળી આવ્યા છે. ગ્રામ્ય વિસ્તારમાંથી જે રીતે કેસો મળી રહ્યા છે તેને લઈ તંત્રની દોડધામ અને ચિંતા વધવા પામી છે.

ગ્રામ્ય વિસ્તારમાં લોદરા ગામેથી ૫ કેસ, માણેકપુર ગામેથી ૪ કેસ, વિહાર, પુંધરા ગામે ૩-૩ કેસ, આજોલ, ઈન્દ્રપુરા, ઈટાદરા, આંટા-આંબા, સોલૈયા, કુવાદરા, રિદ્રોલ, રામપુરા ગામેથી ૨-૨ કેસ તેમજ બાપુપુરા, ચરાડા, હરણોહોડા, ફતેપુરા, ખરણા, અજરાપુરા, અનોડિયા, મહુડી, વરસોડા અને વેડા ગામેથી પણ કેસો મળી આવ્યા છે.

જિલ્લામાં આજે ૧૦૨ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૬૩૩૩ દર્દીઓ કોરોનામુક્ત થયા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૫૬૫ દર્દી એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જ્યારે ૯૫૬૫ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરમાં આજે ૧૫૮ કેસ નોંધાયા છે તેવુ મનપાના તંત્રએ કહ્યુ છે જ્યારે સરકારે ૧૬૯ કેસ નોંધાયાનું કહ્યુ છે. શહેરમાં આજે નોંધાયેલા કેસોમાંથી ૧ દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે. જ્યારે ૧ દર્દીને ૧૦૮ માં જ ઓ-૨ આપી સારવાર શરૂ કરવામાં આવી છે.

શહેરમાં આજે સમાવિષ્ટ સેક્ટરોમાં ૯૦ કેસ તો શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં ૬૮ કેસ નોંધાયા છે. શહેરમાં આજે સંક્રમિત થનારાઓમાં ૮ વિદ્યાર્થી, પાંચ પોલીસ કર્મયોગી, ૧ સ્ટાફ નર્સ, ૪ શિક્ષક, એક કસ્ટમ ઈન્સ્પેક્ટર, એક લેકચરર, એક પ્રોફેસર, એક ફિઝીયોથેરેપિસ્ટ, એક આર્કિટેક, એક સોફટવેર ડેવલપર, પાંચ જેટલા વેપારીનો સમાવેશ થાય છે. શહેરમાં આજે સંક્રમિત દર્દીઓમાં ૭૫ મહિલા દર્દીઓનો પણ સમાવેશ થાય છે.

શહેરમાં સમાવિષ્ટ સેક્ટરોમાં આજે સે. ૩ માં ૧૦ કેસ, સે. ૨૯ અને ૩૦ માં નવ-નવ કેસ, સે. ૨૬ માં ૭ કેસ, સે. ૪, ૬, ૧૪ માં ૬-૬ કેસ, સે. ૫ અને સે. ૨૩ માં ૫-૫ કેસ, સે, ૨, ૭, ૨૧ અને ૨૨ માં ૪-૪ કેસ, સે. ૨૭ માં ૩ કેસ તેમજ સે. ૮, ૧૨, ૧૩, ૧૬, ૧૭, ૨૦, ૨૪ અને ૨૫ માંથી પણ કેસ મળી આવ્યા છે.

શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં સરગાસણમાં ૧૪, વાવોલમાં ૧૨, કુડાસણમાં ૧૦, પેથાપુરમાં ૬, જીઈબી અને રાંદેસણમાં ૫-૫ કેસ, રાંધેજામાં ૪ કેસ, બોરીજમાં ૩ કેસ, કોબા, પોર, રાયસણમાં ૨-૨ કેસ તેમજ ઝુંડાલ, પાલજ, ઈન્દ્રોમાંથી પણ કેસ મળી આવેલ છે. શહેરમાં આજે ૧૪૧ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં આજે કોરોનાની સારવાર દરમ્યાન બે દર્દીના મોત થયા છે. શહેરમાં હોમ આઈસોલેશનમાં રહેલા દર્દીઓની સંખ્યા વધતાં તંત્રએ સઘન મોનીટરીંગ કરવા તેમજ માઈક્રો કન્ટેનમેન્ટ ઝોનના નિયમોની અમલવારીને પણ સઘન કરવાની સૂચના આપી છે.

## સિવિલમાં બેડ ખાલી હશે તેમ દર્દી એડમીટ કરાશે

ગાંધીનગર, તા. ૩૦

રાજ્યના પાટનગરમાં પણ કોરોનાની પરિસ્થિતિ ભયાનક જોવા મળી રહી છે. છેલ્લા કેટલાક દિવસોથી ગાંધીનગરમાં કોરોના પોઝીટીવ કેસોની સંખ્યા ૩૦૦ ને પાર કરી ગઈ છે. કોરોના સંક્રમણનો વ્યાપ અને વિસ્તાર સતત વધી રહ્યો છે. ગાંધીનગર સિવિલ કેમ્પસમાં સ્થિત કોવિડ હોસ્પિટલ પણ દર્દીઓથી ભરચક છે. કોવિડ ઓપીડી બહાર દર્દીઓની લાંબી કતારો જોવા મળી રહી છે. કેટલાક દર્દીઓ ઓક્સિજનના અભાવે બેડ ન મળતા ૧૦૮ કે ખાનગી વાહનમાં જ દમ તોડી દે છે. ત્યારે સિવિલના સત્તાધિશોએ દરેક દર્દીને સારવાર સરળતાથી મળી રહે અને કોઈ દર્દીએ જીવ ગુમાવવો ન પડે તે માટે ખાસ આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં દર્દીઓ મૃત્યુ પામતા ખાલી પડેલા બેડ, ઓક્સિજનની જરૂરીયાત ન હોય તેવા સ્વસ્થ દર્દીઓને તપાસી રજા આપવામાં આવશે. તે ઉપરાંત કેટલાક સ્ટેબલ દર્દીઓને કોલવડા કોવિડ સેન્ટર ખાતે સારવાર માટે મોકલી આપવામાં આવશે. જેને અનુલક્ષી આ તમામ ખાલી બેડ પર કોવિડ બહાર લાઈનમાં ઉભેલા દર્દીઓને સારવાર આપવામાં આવશે. જેથી કોવિડ ઓપીડી બહાર જે દર્દીઓની લાંબી કતારો જોવા મળી રહી છે તેમાં ઘટાડો જોવા મળશે. તે ઉપરાંત મોટાભાગના દરેક દર્દીને સારવાર મળી રહેશે જેથી ગાંધીનગરમાં વધી રહેલા મૃત્યુના ચિંતાજનક આંકડામાં પણ ઘટાડો જોવા મળશે. કોરોનાની બીજી લ્હેર ઘાતક સાબિત થઈ રહી છે. શહેરના સેક્ટર, ગલીઓ, શેરીઓ અને ઘરમાં કોરોના જોવા મળી રહ્યો છે. દર્દીઓને ઓક્સિજનની જરૂરીયાત ઉભી થતા સ્વજનો રીતસરની દોડધામ કરી રહ્યા છે. પાટનગરમાં કોરોના બેખૌફ બની નાગરિકો પર ત્રાટકી રહ્યો છે. ત્યારે નાગરીકો કોરોના સંક્રમણને અટકાવવા માટે ઘરમાં પુરાઈ રહે છે. કોરોનાનાને પગલે શહેરની શેરીઓ સુમસામ જોવા મળી રહી છે.

### છેલ્લા ૪૮ કલાકમાં ૮ સગર્ભાઓને સારવાર આપી

ગાંધીનગર કોવિડ સેન્ટર બહાર સવારથી મોડી રાત સુધી ૧૦૮ કે ખાનગી વાહનોની લાંબી લાઈનો લાગે છે. આ દર્દીઓને ટોકન નંબર આપવામાં આવે છે. ત્યારબાદ કોરોના દર્દીઓની સારવાર ડૉક્ટર દ્વારા કરવામાં આવે છે. ત્યારે આ મહામારીની સ્થિતિ વચ્ચે સિવિલ તંત્રએ છેલ્લા બે દિવસમાં ૮ સગર્ભા મહિલાઓને અગ્રીમતા આપી સારવાર કરી હતી.

## પાટીદાર સમાજના અગ્રણી ભોળાભાઈ પટેલનું દુ:ખદ અવસાન



ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર કડવા પાટીદાર સમાજના મહામંત્રી અને ઉમિયાધામના સ્થાપકો પૈકીના એક ભોળાભાઈ પટેલનું આજે દુ:ખદ અવસાન થયુ છે.

ગાંધીનગર શહેરની અનેકવિધ સંસ્થાઓ સાથે તેઓ સંકળાયેલા હતા તેમજ તેમની સક્રિયતાથી ખુબજ આદર પામ્યા હતા. સ્વ.ના આજે થયેલ દુ:ખદ અવસાનને લઈ સમગ્ર પાટીદાર સમાજમાં ઘેરા શોકની લાગણી પ્રસરી જવા પામી છે.

## સરઢવના અગ્રણી સુરેશભાઈ શાહનું દુ:ખદ અવસાન

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર તાલુકાના સરઢવ ગામના વતની સુરેશભાઈ નંદલાલ શાહનું આજે સવારે મુંબઈ ખાતે દુ:ખદ અવસાન થયુ છે.



સ્વ. લક્ષ્મીચંદ છગનલાલ શાહ પરિવારના મોભી સુરેશભાઈ બોમ્બે સ્ટોક એક્ષ્ચેન્જ સાથે સંકળાયેલા હતા. સરઢવની અનેકવિધ સંસ્થાઓમાં તેઓ સક્રિય હતા.

સુરેશભાઈ શાહના અવસાનના સમાચાર આજે સવારે સરઢવ આવતાં જ ગામમાં શોકની લાગણી પ્રસરી જવા પામી હતી.

## ફળોના વેપારીઓની ઉઘાડી લુંટ અટકાવવા તંત્ર થરાદની જેમ વ્યવસ્થા ગોઠવે

**ફળો ખરીદવા આવતી મહીલાઓની આંખમાંથી આંસુ સરી પડે છે : વેપારીઓની ઉઘાડી લુંટ સામે ગ્રાહકો લાચાર પરંતુ તંત્ર કક્ષાએથી ભાવ નિયંત્રણ માટે કેમ વ્યવસ્થા ગોઠવાતી નથી**

ગાંધીનગર તા ૩૦

કોરોના વાયરસના વધતા સંક્રમણ વચ્ચે નાગરિકો વાયરસથી બચવા માટે રોગ પ્રતિકારક શકિત વધારવા પ્રયત્નશીલ છે. જયારે કોરોનાના દર્દીઓમાં પણ આ માટે વિવિધ ફળોનો ઉપયોગ વધુ થાય છે. પરંતુ શહેરના બજારમાં વિવિધ ફળોના બેફામ ભાવ વસુલવામાં આવી રહ્યા છે. સેકટરે સેકટરે ફળોના વેપારીઓ બેરોકટોક લુંટ ચલાવી રહ્યા છે. આમ છતા તેમની સામે કોઈ પગલા લેવાતા નથી. ફ્રુટની ખરીદી માટે મહીલાઓની આંખમાંથી આંસુ સરી પડે છે. આમછતા તંત્ર ચુપકીદી સેવી રહ્યુ છે. ફળોના ભાવમાં નિયંત્રણ લાવવા તેમજ નાગરિકોને યોગ્ય ભાવે ફ્રુટસ મળી રહે તે માટે થરાદમાં મામલતદારે બેઠક કરીને ઉદાહરણરૂપ વ્યવસ્થા કરી છે. પરંતુ ગાંધીનગરમાં બધુ રામભરોસે છે.

કોરોના વાયરસનુ સંક્રમણ વધી રહ્યુ છે. જયારે કોરોના સામે રક્ષણ મેળવવા માટે નાગરિકો પોષક તત્વો ખાવાનુ વિશેષ પસંદ કરે છે. ત્યારે કોરોનાના આ કપરા કાળમાં દરેક ચીજવસ્તુઓના ભાવ વધુ વસુલવામાં આવી રહ્યા છે. જેમાં દર્દીઓ માટે વિશેષ ઉપયોગમાં લેવાતા અને રોગપ્રતિકારક શકિત વધારવામાં મદદરૂપ થતા વિવિધ ફ્રુટસનો ભાવ આસમાને છે. હાલ બજારમાં બેફામ ભાવ વસુલવામાં આવે છે. જેમાં એક નાળિયેરના રૂ ૧૦૦ સુધીનો તોતિંગ ભાવ વસુલાય છે. જયારે નારંગી અને મોસંબી સહીતના ફ્રુટસનો ભાવ પણ સામાન્ય નાગરિકને કોઈ સંજોગોમાં પોષાય તેમ નથી. ત્યારે મધ્યમવર્ગ માટે જીવન દોજખ બની ગયુ છે. ફળોના વેપારીઓ દ્વારા બેફામ ભાવ વસુલવામાં ન આવે તે માટે બનાસકાંઠા જિલ્લાના થરાદ તાલુકાના ફળોના જથ્થાબંધ વેપારીઓની સાથે મામલતદારે બેઠક કરી યોગ્ય ચર્ચા કરી હતી જેના અંતે વિવિધ ફ્રુટસના ભાવ પણ નિયત કરાયા હતા. આ ઉપરાંત ફળોના વેપારીઓ ધંધાના સ્થાને ભાવનુ બોર્ડ પણ લગાવે તે માટે પણ સુચના આપવામાં આવી હતી. જયારે સર્વાનુમતે નિયત કરાયેલા ભાવથુ વધુ વસુલી કરવા બદલ વેપારી સામે કાયદેસરની કાર્યવાહી પણ કરવા સુચના આપવામાં આવી છે. બનાસકાંઠા જિલ્લામાં જો આ વ્યવસ્થા ગોઠવાઈ શકતી હોય તો ગાંધીનગરમાં પણ નાગરિકોને આ બિનજરૂરી ભાવ વધારાથી રાહત મળવી જોઈએ. ફ્રુટસના વેપારીઓ સેકટરે સેકટરે જુદા જુદા અને મનફાવે તેવા ભાવ પડાવે છે. નિર્દોષ અને જરૂરિયાતમંદ નાગરિકોની મુંઝવણ વધી છે. નાળિયેર મોસંબી સહીતના ફળોના ભાવ ત્રણથી ચાર ગણા વસુલવામાં આવી રહ્યા છે. આમછતા પાટનગરમાં આ મામલે તંત્ર નાગરિકોની પરેશાનીને ધ્યાને લઈ દરમિયાન ગીરી કરવાનુ ટાળે છે. જેના લીધે મધ્યમવર્ગના પરિવારોની મુશ્કેલી વધી છે. જેને જેમ ફાવે તેમ પૈસા પડાવાનો ધંધો ચાલી રહ્યો હોવાનો અહેસાસ કરતા નાગરિકો આગ બબુલા બન્યા છે.

## વાતાવરણ પલ્ટાના અંતે ગરમીનો પારો ૪૨ ડીગ્રીની નજીક પહોંચ્યો

ગાંધીનગર તા ૩૦

ગાંધીનગરમાં વાતાવરણ પલ્ટા બાદ ગરમીનો મિજાજ ફરી ઉગ્ર બન્યો છે. બે દિવસ ગરમીમાં રાહત અનુભવ્યા બાદ ગરમીનો પારો આજે ફરી ઉંચે ચઢયો છે. આજે મહત્તમ તાપમાન ૪૧.૮ ડીગ્રી પહોંચી ગયુ હતુ. ગઈકાલની સાપેક્ષમાં ગરમીનો પારો ૦.૬ ડીગ્રી ઉંચકાયો હતો. જયારે દિવસ દરમિયાન તાપ વધુ આકરો બન્યો હતો. ગાંધીનગરમાં છેલ્લા એક સપ્તાહથી મોસમમાં સતત બદલાવ જોવા મળી રહ્યો છે. વાતાવરણમાં બે વાર નાટયાત્મક પલ્ટાના અંતે ગરમીનો મિજાજ ફરી ઉગ્ર બન્યો છે. આકરી ગરમીના લીધે જનજીવન પ્રભાવિત છે. એકબાજુ કોરોના વાયરસે કહેર મચાવ્યો છે. ત્યારે ગરમી પણ નગરજનો માટે મુશ્કેલીરૂપ બની રહી છે. બે ત્રણ દિવસ અગાઉ વાતાવરણ પલ્ટાના અંતે ગરમીનુ જોર હળવુ પડયુ હતુ જયારે છેલ્લા બે દિવસથી ધીમે ધીમે ગરમીનો પારો મુળ સ્વરૂપમાં આવી રહ્યો છે. આમ તો છેલ્લા કેટલાક દિવસોથી મહત્તમ તાપમાન ૪૦ ડીગ્રીને પાર જ રહે છે. જયારે ગઈકાલે મહત્તમ તાપમાન વધીને ૪૧.૨ ડીગ્રી પહોંચ્યુ હતુ.

## દુ:ખદ અવસાન



**સ્વ. શ્રી પ્રફુલ્લભાઈ રાવલ** તારીખ : ૨૮/૪/૨૦૨૧ને બુધવારે કૈલાસવાસી થયા છે. સદ્દગત માનવસેવા મંડળ, ગાંધીનગરના સેવાધારી સેવક હતા. સેવાના કાજે રાત-દિવસ જોયા વગર ઓફિસો, વેપારીઓ, અદના માનવીઓ તેમજ દાનવીરો પાસે દાનધર્મની ચાયના કરી જરૂરી ચીજવસ્તુઓ, ફળો, મીઠાઈ-ચવાણું, ખજૂર, અનાજ વગેરેને સીવીલ હોસ્પિટલ, વૃદ્ધાશ્રમો, મૂકબધિર શાળા, અંધજન શાળા, નારી સંરક્ષણ ગૃહ, ભિક્ષુકગૃહ-ડભોડા, તથા અન્ય માનવસેવા મંડળ સાથે સંકળાયેલ સંસ્થાઓમાં સંસ્થાના સેવાભાવી કાર્યકરોની મદદથી સમયસર પહોંચતી કરતી હતા. **પ્રભુ તેમનું કલ્યાણ કરે અને તેમના કુટુંબીજનોને દુ:ખ સહન કરવાની શક્તિ આપે.**

**માનવ સેવા મંડળ, ગાંધીનગરનો પરિવાર**


**સેનેટાઈઝ વીથ સ્મોકગન**


**આપના ઘર, ઓફિસ, બિલ્ડીંગ, ફેક્ટરી, સહકારી મંડળીઓમાં યુ.વી.સી. લાઈટ અને સેનેટાઈઝ ગનથી ડિસઈન્ફેક્શન કરાવો ડાઘ, ધબ્બા, સાફ સફાઈની ઝંઝટથી છુટકારો**




**કોરોનાથી રક્ષણ**

**ગાંધીનગર અને આજુબાજુના વિસ્તારો માટે**

**ફોન : ૯૩૭૫૭ ૮૮૧૮૮**




**ગુજરાતમાં આજથી ૧૮ વર્ષથી મોટી ઉંમરના યુવાનોને વિનામૂલ્યે વેક્સિનેશનનો પ્રારંભ**

હવાઈમાર્ગે કોવિશીલ્ડ વેક્સિનના **૩ લાખ ડોઝ** અમદાવાદ આવી પહોંચ્યા: મે મહિનામાં ગુજરાતમાં વેક્સિનના **૧૧ લાખ ડોઝ** આવી પહોંચશે

**અત્યારે કોવિડથી સૌથી વધારે સંક્રમિત એવા અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, મહેસાણા, ગાંધીનગર, જામનગર, ભાવનગર, કચ્છ અને ભરૂચ જિલ્લામાં ૧૮ વર્ષથી મોટી ઉંમરના વયજૂથના લોકોને સ્વદેશી વેક્સિન આપવામાં આવશે**

વેક્સિન લેવા માટે **www.cowin.gov.in** પોર્ટલ ઉપર દરેકે ફરજિયાત રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે




જેમણે રજીસ્ટ્રેશન કરાવ્યું હશે તેવા લોકોને **SMS**થી વેક્સિન લેવાની તારીખ, સમય અને સ્થળની જાણ કરવામાં આવશે, રજીસ્ટ્રેશન કરાવેલ લોકોએ જ નિયત તારીખે જે તે સ્થળે વેક્સિન લેવા જવાનું રહેશે




**"દવાઈ કે સાથ, કડાઈ ભી જરૂરી હૈ"**



રાજ્ય સરકાર ૧૮ વર્ષથી મોટી ઉંમરના તમામ લોકોને તબક્કાવાર વેક્સિનેશન કરવા સંકલ્પબદ્ધ છે.
**- શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત**


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com